सत्यमेव जयते

કેસ દાખલ તારીખઃ૧૬/૦૧/૨૦૦૭
રજી.થયા તારીખઃ૧૬/૦૧/૨૦૦૭
ફેસલ કર્યા તારીખઃ૧૫/૦૭/૨૦૨૬
સમય ગાળોઃવર્ષ.... માસ..... દિવસ...

અમદાવાદ શહેરનાં મહે.૦૪થા, એડી.ચીફ.જ્યુડિશીયલ મેજીસ્ટ્રેટ
સાહેબશ્રીની કોર્ટ નંબરઃ૦૯,મુ.અમદાવાદ શહેર

ક્રિ.કે.નંબરઃ૧૦૮/૨૦૦૭
આંકઃ...

ફરિયાદીઃ– શ્રી સરકાર

## વિરૂધ્ધ

આરોપીઃ– નં.૧. ઐયુબ ફકીરમહંમદ અજમેરી
રહેવાસીઃદોઢફળી, મુસ્તુફા સહીદની મસ્જીદ સામે,
મ.નં.૨૯૫૫, જમાલપુર, અમદાવાદ

નં.૨. મુફીઝ ઉર્ફે મોઈનોદ્દીન નુરૂદ્દીન સૈયદ
રહેવાસીઃ પેટલાદ, દેવકુવા ભાગોળ, તા.પેટલાદ,
જિ.આણંદ

ફરિયાદપક્ષે એ.પી.પી.શ્રી આર.પી.ગોસ્વામી.
આરોપી તરફે વિ.વ.શ્રી એમ.એમ.શેખ

ગુનોઃ ઈ.પી.કો.કલમઃ૪૨૦ તથા તેની સાથે વાંચતા ૧૧૪ મુજબ.

## – ચુ કા દો –

૧. ફરિયાદપક્ષનાં કેસની ટૂંકમાં હકિકત એવી છે કે, આ કામના

આરોપીઓએ ગઈ તારીખઃ૩૦/૦૪/૨૦૦૬ ના રોજ ફરિયાદીના રહેણાંકના બંગલે જઈ ગુટખા પાન મસાલાના મશીન નંગ–૦૫ ફરિયાદીને વેચવાના હોઈ રૂા.૧,૫૫,૦૦૦/–ની કિંમતના નક્કી કરી, ફરિયાદીને છેતરવા માટે આરોપી નં.૧.નાએ નાસીક બેંકનુ બંધ ખાતાનો ચેક આપી મશીનોની ડિલવરી મેળવી, આ મશીનો વેચી નાંખી ફરિયાદીની સાથે ઠગાઈ કરી ગુનો કરેલ હોવા બાબતની ફરિયાદ, ફરિયાદીએ નોંધાવતા ફરિયાદના આધારે તપાસનીસ અધિકારીશ્રીએ કાયદેસરની તપાસ કરતા તપાસના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લિધેલા જરૂરી પંચનામા કરેલ તપાસના અંતે હાલના આરોપીઓ સામે પુરતો પુરાવો મળી આવતા ચાર્જશીટ દાખલ કરેલ છે.

૨. આ કામનાં આરોપીઓ જામીન મુકત હોય તેઓને સમન્સની બજવણી કરવામાં આવતાં, બંને આરોપીઓ અત્રેની અદાલતમાં તેમના વિ.વ.શ્રી મારફતે નામદાર કોર્ટમાં હાજર થતા ક્રિ.પ્રો.કોડની કલમઃ૨૦૭ મુજબ વિનાં મૂલ્યે પોલિસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ છે અને તે મળી ગયાની ખાત્રી થયા બાદ આરોપીઓ સામે આંકઃ૦૯ થી તહોમતનામું ઘડવામાં આવેલ છે જ્યારે આંકઃ૧૦ તથા ૧૧ થી આરોપીની ગુના સબબે પ્લી નોધવામા આવેલ છે તેમાં તેઓને તહોમતનામાની હકિકતો

વાંચી સંભળાવી સમજાવવામા આવતા તેમાં લખેલ હકિકત બાબતેનો ગુનો કબુલ નહિ હોવાનુ જણાવતા સદર કેસની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

૩. ફરિયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

| મૌખિક પુરાવાઓ | | |
|---|---|---|
| અ.નં. | પુરાવાનું વર્ણન | આંક |
| ૧ | સાહેદ ફારૂક ઈસ્માઈલભાઈ મિર્ઝાની જુબાની | ૦૮ |
| ૨ | ત.ક.અમલદાર ઝહીરમીયા અહેમદમીયા ઠાકુરની જુબાની | ૧૨ |

| દસ્તાવેજી પુરાવાઓ | | |
|---|---|---|
| અ.નં. | પુરાવાનું વર્ણન | આંક |
| ૧ | ફરિયાદ | ૧૩ |
| ૨ | ચેકબુક કબજે કર્યાનુ પંચનામું | ૧૪ |
| ૩ | પાનમસાલાનુ મશીન રજુ કરતા હોય તેનુ પંચનામું | ૧૫ |

૪. સદર કામનુ કેસ રેકર્ડ ધ્યાને લેવામા આવે તો આ કામના ફરિયાદી જયંતિભાઈ શંકરભાઈ પટેલનાઓ સામે પ્રોસેસ ઈસ્યુ કરવામા આવેલ છે પરંતુ ફરિયાદી મરણ પામેલ હોવા બાબતે મરણના દાખલાની નકલ સાથે ફરિયાદીનો પ્રોસેસ વગર બજે પરત ફરેલ છે જેના કારણે ફરિયાદીને તપાસી શકેલ નથી. વધુમાં

સદર કામનુ કેસ રેકર્ડ ધ્યાને લેવામાં આવે તો સાહેદ વિનોદભાઈ હરીસીંગ રાઠોડનાઓ સામે પ્રોસેસ ઈસ્યુ કરવામા આવતા સાહેદના દર્શાવેલા સરનામે ફલેટ બની ગયેલા છે અને હાલમાં ત્યાં મુસ્લિમ લોકો રહે છે. સદર નામવાળી વ્યક્તિ સદર સરનામે મળી આવતી નથી તેવી હકિકતના શેરા સાથે પ્રોસેસ વગર બજે પરત ફરેલ છે. જયારે પંચ સાહેદ રમણભાઈ સોમાભાઈ પટેલનાઓ સામે પ્રોસેસ ઈસ્યુ કરવામા આવતા પંચ સાહેદ મરણ પામેલ છે પરંતુ મરણનુ સર્ટીફિકેટ મળી આવેલ નથી તેવી હકિકતના શેરા સાથે પ્રોસેસ વગર બજે પરત ફરેલ છે. તેમજ પંચ સાહેદ મનીષભાઈ દેસાજી મારવાડીનાઓ સામે પ્રોસેસ ઈસ્યુ કરવામા આવતા પંચ સાહેદ દર્શાવેલા સરનામે રહેતા ન હોવાની હકિકતના શેરા સાથે પ્રોસેસ વગર બજે પરત ફરેલ છે. જયારે સાહેદ અકબરખાન અનવરખાન પઠાણનાઓ સામે પ્રોસેસ ઈસ્યુ કરવામા આવતા ત્રાહિત ઈસમના નિવેદનના સાથે પ્રોસેસ વગર બજે પરત ફરેલ છે જે ત્રાહિત ઈસમનુ નિવેદન વંચાણે લેવામા આવે તો સદર સાહેદ દર્શાવેલા સરનામે ભાડેથી રહેતા હતા હાલમાં રહેતા નથી તેવી હકિકતના શેરા સાથે પ્રોસેસ વગર બજે પરત ફરેલ છે. વધુમાં સદર કામનુ કેસ રેકર્ડ ધ્યાને લેવામા આવે તો ફરિયાદપક્ષના અન્ય સાહેદોને પણ જરૂરી પ્રોસેસો ઈસ્યુ થયેલ છે પરંતુ એક યા બીજા કારણોસર વગર બજે પ્રોસેસ પરત

ફરેલ છે. ફરિયાદપક્ષ દ્વારા ઉપરોકત દર્શાવેલ પુરાવા સિવાય અન્ય કોઈ પુરાવાઓ રજુ રાખવામા આવેલ નથી. ફરિયાદપક્ષે રજુ થયેલ પુરાવાઓ ધ્યાને લેતા આ કામના આરોપીઓનુ ક્રિ.પ્રો.કોડની કલમઃ૩૧૩ અન્વયે વિશેષમાં નિવેદન નોધવામા આવેલ છેતેમાં આરોપીઓએ ફરિયાદપક્ષના આક્ષેપોની હકિકતોનો ઈન્કાર કરેલ છે. ત્યારબાદ બંને પક્ષકારોના વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળી.

૫. ફરિયાદપક્ષ તરફથી રજુ થયેલા પુરાવાઓ ધ્યાને લેતા કોર્ટ સમક્ષ  આ કેસનાં આખરી નિર્ણય સારૂ નીચે મુજબ મુદ્દા ઉપસ્થિત થાય છે.

## – મુ  દ્દા –

૧. શું ફરિયાદપક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ ગઈ તારીખઃ ૩૦/૦૪/૨૦૦૬ ના રોજ ફરિયાદીના રહેણાંકના બંગલે જઈ ગુટખા પાન મસાલાના મશીન નંગ–૦૫ ફરિયાદીને વેચવાના હોઈ રૂા.૧,૫૫,૦૦૦/–ની કિંમતના નક્કી કરી, ફરિયાદીને છેતરવા માટે આરોપી નં.૧.નાએ નાસીક બેંકનુ બંધ ખાતાનો ચેક આપી

મશીનોની ડિલવરી મેળવી, આ મશીનો વેચી નાંખી ફરિયાદીની સાથે ઠગાઈ કરી ઈ.પી.કો.કલમઃ૪૨૦ તથા તેની સાથે વાંચતા ૧૧૪ મુજબનો ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

૬. ઊપરોકત મુદ્દાનાં કારણો નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

– ન્યાય નિર્ણય માટેનાં કારણો –

મુદ્દા નંબરઃ૦૧.

ફરિયાદપક્ષ તરફથી આરોપીઓ વિરૂદ્ધ ઈ.પી.કો.કલમઃ ૪૨૦ તથા તેની સાથે વાંચતા ૧૧૪ મુજબનાં ગુના અંગેની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. કાયદાનાં પ્રસ્થાપિત સિદ્ધાંતો મુજબ ફરિયાદપક્ષે આરોપી વિરૂદ્ધનો ગુનો વ્યાજબી શંકારહિત પુરવાર કરવાનો હોય છે જે માટે પુરાવાનો સમગ્ર બોજો ફરિયાદપક્ષનાં શીરે રહેલો હોય છે તેમજ ફરિયાદપક્ષે રજુ થયેલા પુરાવાઓનું ઝીણવટભરી રીતે તેમજ તુલનાત્મક મુલ્યાકન કરી કેસનાં ન્યાય નિર્ણય ઊપર પહોચવાનું રહે છે.

૭. ફરિયાદપક્ષ તરફથી તેમનો કેસ પુરવાર કરવા સારૂ આંકઃ૦૮ થી

સાહેદ ફારૂક ઈસ્માઈલભાઈ મિર્ઝાને તપાસવામાં આવેલા છે તેઓ જણાવે છે કે, ૨૦૦૬ ની સાલમાં અજીતભાઈના ત્યાં નોકરી કરતો હતો. અજીતભાઈ તમાકુનો ધંધો કરતા હતા. હુ અયુબભાઈને ઓળખુ છુ. હુ મુકુસ મોયુદ્દીનને ઓળખતો નથી. હુ જ્યંતિભાઈ શંકરભાઈને ઓળખતો નથી. બોસ ગુટકા જ્યંતિભાઈનાં ત્યાં બનાવતા હતા કે કેમ તે હુ જાણતો નથી. હુ બોસકાકાને ઓળખુ છુ. બોસકાકાને ત્યાં તેમને મળવા માટે અયુબ મને લઈ ગયેલા. પછી હુ બોસકાકાને મળેલ ત્યારબાદ શુ થયેલ તેની ખબર નથી. હુ વિનોદભાઈને ઓળખતો નથી. આ સિવાય બીજુ કઈ જાણતો નથી. સદર સાહેદ પોતાના પોલીસ નિવેદનમાં લખાવેલ હકિકતને સમર્થનકારી પુરાવો આપતા ન હોય જેથી ફરી ગયેલા સાહેદ તરીકે વિ.એ.પી.પી.શ્રીએ જાહેર કરી, ફરિયાદીની વિગતવારની ઉલટતપાસ કરેલ છે તે દરમ્યાન પણ સાહેદ એ વાતનો સ્વિકાર કરે છે કે, મારી હાજરીમાં રૂા.૧,૫૦,૦૦૦/−ની પ્રોમીસરી નોટ કરવામા આવેલી. એ પ્રોમીશરી નો શા માટે આપવામા આવેલી તેની મને ખબર નથી. અયુબભાઈ અને બોસકાકા વચ્ચે લખાણ થયેલ તેમાં મારી પણ સહી લેવામા આવેલી તે હકિકત સાચી છે. એ વાત ખરી છે કે, અયુબભાઈએ મારી હાજરીમાં એક ચેક પણ આપેલો. તે દોઢ લાખ રૂપીયા અયુબભાઈએ બોસકાકાને પરત ચુકવેલ કે કેમ તેની

મને ખબર નથી. એ.પી.પી.શ્રીએ કોર્ટના રેકર્ડમાંથી લખાણ બતાવે છે તે લખાણ શા બાબતનુ હતુ તેની મને ખબર નથી અયુબ મને લઈ ગયેલ હતો ને હુ ત્યાં હાજર હોય મે લખાણમાં સહી કરેલી. આરોપી અયુબને જોયેથી ઓળખી શકે જ્યારે આરોપી મુકુસને જોયેથી ઓળખી શકે નહી.

સદર સાહેદની ઉલટતપાસ માટે આરોપી કે આરોપીના વિ.વ.શ્રી હાજર નથી જેથી સદર સાહેદની ઉલટતપાસ કરવાનો હક્ક બંધ કરવામા આવેલ છે.

૯. ફરિયાદપક્ષ તરફથી તેમનો કેસ પુરવાર કરવા સારૂ આંકઃ૧૨ થી તપાસ કરનાર અમલદાર ઝહીરમીયા અહેમદમીયા ઠાકુર કે જેઓ પથારીવસ હોય જેથી તેઓની વોટ્સએપ કોલથી વિડીયો જુબાની લિધેલ છે જેઓનો મો.નં.૯૮૨૪૫૯૧૩૩૯ છે.

સદર સાહેદ જણાવે છે કે, સને ૨૦૦૬ માં નારણપુરા પો.સ્ટે.ખાતે અમારી ફરજ પર હાજર હતો તે વખતે આ કામના ફરિયાદી દ્વારા ઈ.પી.કો.કલમઃ૪૦૬,૧૧૪ મુજબની ફરિયાદ જેમાં ફરિયાદ હકિકત મુજબ આ કામના આરોપીએ ફરિયાદી પાસેથી રૂા.૧,૫૫,૦૦૦/-ના ગુટખાના મશીન વેચવાના હોય મશીનોની ડિલીવરી મેળવી લઈ બંધ ખાતાનો ચેક આપી મશીનો બારોબાર વેચી નાંખી ફરિયાદી સાથે ઠગાઈ કરેલ જે બાબતેની ફરિયાદ મારા રૂબરૂ આપેલી જે ફરિયાદ રજુ કરતા આંકઃ૧૩ થી

દાખલ કરવામા આવેલ છે. જે ફરિયાદીની તપાસ સંભાળી લઈ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરેલ જે પંચનામુ રજુ રાખવામા આવતા આંકઃ૧૪ થી દાખલ છે. તેમજ આરોપીએ એચ.ડી.એફ.સી.બેંકની ચેકબુક રજુ કરેલ  જે પંચનામાની વિગતે કબજે લિધેલ જેમાં પંચો રૂબરૂ મારી સહી છે જે પંચનામુ રજુ કરતા આંકઃ૧૫ થી દાખલ છે. ત્યારબાદ આ કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લિધેલા. તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરતા પુરાવા મળી આવતા ચાર્જશીટ કરેલ.

સદર ત.ક.અમલદારની આરોપીઓપક્ષે વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામા આવેલ છે તેમાં સાહેદ તમામ હકિકતોનો ડિનાઈલ કરેલ છે જેમ કે, એ વાત ખરી નથી કે, મે આ ગુનાની ખોટી અને એકતરફી તપાસ કરેલ છે. એ વાતખરી નથી કે, સાહેદોના નિવેદનો તેઓના લખાવ્યા મુજબ લખેલ નથી. એ વાત ખરી નથી કે, અમો ગુનાવાળી જગ્યાએ ગયેલ નથી કે પંચોની હાજરીમાં કોઈ પંચનામા કરેલ નથી. એ વાત ખરી નથી કે, આરોપીઓ પાસેથી કોઈ હથિયાર કબજે કરેલ નથી. એ વાત ખરી છે કે, તપાસના કામે સ્વતંત્ર સાહેદના નિવેદન લિધેલ નથી. એ વાત ખરી નથી કે, ખોટી તપાસના સમર્થનમાં ખોટી જુબાની આપુ છુ.

૧૦. ફરિયાદપક્ષે પડેલ પુરાવો જોવામાં આવે તો આ કામે ફરિયાદપક્ષ

દ્વારા આંકઃ૦૮ થી સાહેદ ફારૂક ઈસ્માઈલભાઈ મિર્ઝાને તપાસવામા આવેલા છે તેઓનો પુરાવો ધ્યાને લેતા તેઓ સને ૨૦૦૬ ની સાલમાં અજીતભાઈને ત્યાં નોકરી કરતા હતા. તેઓ આરોપી અયુબભાઈને ઓળખે છે. જ્યારે અન્ય આરોપી મુકુદ મોયુદ્દીનને ઓળખતા નથી તેમજ ફરિયાદી જ્યંતિભાઈ શંકરભાઈને પણ ઓળખતા નથી. આરોપી અયુબભાઈ સદર સાહેદને બોસકાકાને ત્યાં મળવા માટે લઈ ગયેલા પછી બોસકાકાને મળ્યા બાદ શુ થયેલ તેની ખબર ન હોવાનુ જણાવે છે. આમ, સદર સાહેદ હોસ્ટાઈલ જાહેર થયા બાદ ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીએ ઉલટતપાસ કરવામા આવતા તેઓ જણાવે છે કે, તેઓની હાજરીમાં રૂા.૧,૫૦,૦૦૦/– ની પ્રોમીસરી નોટ કરવામાં આવેલી હોવાનુ કબુલ રાખેલ છે પરંતુ આ કામે તેવી કોઈ પ્રોમીસરી નોટ ફરિયાદપક્ષે રજુ થયેલ નથી. તેમજ સદર સાહેદના પુરાવાથી પ્રોમીસરી નોટ શા માટે આપવામા આવેલી તેની તેઓને ખબર ન હોવાનુ કબુલ રાખેલ છે. વધુમાં સાહેદે કબુલ રાખેલ છે કે, અયુબભાઈ અને બોસકાકા વચ્ચે લખાણ થયેલ તેમાં પોતાની સહી લેવામા આવેલી તે હકિકત સાચી છે. પરંતુ આકામે તેવુ કોઈ લખાણ ફરિયાદપક્ષદ્વારા રજુ રાખવામા આવેલ નથી. વધુમાં સાહેદના પુરાવાથી અયુબભાઈએ તેમની હાજરીમાં એક ચેક આપેલ હોવાનુ જણાવેલ છે પરંતુ તે ચેક આ

કામે સદર સાહેદને બતાવવામા આવેલ નથી તેમજ તે ચેક આરોપી અયુબભાઈએ કોને આપેલો તે બાબતેનો કોઈ સ્પષ્ટ ઉલ્લેખ કરેલ નથી. આમ, સદર સાહેદના સમગ્ર પુરાવાથી આરોપી અયુબભાઈએ તેઓની હાજરીમાં ચેક આપેલ હોવાનુ જણાવે છે પરંતુ તે ચેક કોને આપેલો તે બાબતેનો સ્પષ્ટ પુરાવો આપેલ નથી. તેમજ પ્રોમસરી તેઓની હાજરીમાં આપેલ હોવાનુ જણાવે છે. પરંતુ તેવી કોઈ પ્રોમીસરી આ કામે રજુ થયેલ નથી. આમ, સદર સાહેદના પુરાવાથી ફરિયાદીના રહેણાંકના બંગલે જઈ ગુટખા પાન મસાલાના મશીન નંગ-૦૫ ફરિયાદીને વેચવાના હોઈ રૂા.૧,૫૫,૦૦૦/-ની કિંમતના નક્કી કરી, ફરિયાદીને છેતરવા માટે આરોપી નં.૧.નાએ નાસીક બેંકનુ બંધ ખાતાનો ચેક આપી મશીનોની ડિલવરી મેળવી લઈ આ મશીનો વેચી નાંખેલ હોવા બાબતેનો કોઈ પુરાવો આપેલ ન હોય જેથી સદર સાહેદનો પુરાવો ફરિયાદપક્ષના કેસની હકિકતને મદદરૂપકારી થતો ન હોવાનુ અત્રેની અદાલતનુ માનવુ છે. વધુમાં જોવામા આવે તો આ કામે ફરિયાદપક્ષ દ્વારા આંકઃ૧૨ થી સદર ગુનાની તપાસ કરનાર અમલદારશ્રી ઝહીરમીયા અહેમદમીયા ઠાકુરને તપાસવામા આવેલા છે તેઓની જુબાની ધ્યાને લેવામા આવે તે પહેલા જોવામા આવે તો સદર સાહેદનો પુરાવો વોટ્સએપ વિડીયો કોલથી નોધવામાં આવેલ છે. તેઓના

પુરાવાથી તેઓ સને ૨૦૦૬ ની સાલમાં નારણપુરા પો.સ્ટે.માં તેમની ફરજ પર હાજર હતા તે દરમ્યાન ફરિયાદીની ફરિયાદની તપાસ તેઓને મળેલી જે ફરિયાદમાં ફરિયાદીની રૂબરૂમાં પોતાની સહી છે જે ફરિયાદ આંકઃ૧૩ થી રજુ થયેલ છે. ફરિયાદના આધારે ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરેલ હોવાનુ જણાવે છે જે પંચનામુ આંકઃ૧૪ થી રજુ રાખેલ છે પરંતુ તેના કોઈ પંચ સાહેદોને અત્રેની અદાલત સમક્ષ હાજર રાખી તપાસી શકેલ નથી. વધુમાં સાહેદના પુરાવાથી આરોપીએ એચ.ડી.એફ.સી. બેંકની ચેક બુક રજુ કરેલી જે પંચનામાની વિગતે કબજે કરેલ હોવાનુ જણાવે છે પરંતુ તેના કોઈ પંચ સાહેદોને તપાસ કરનાર અમલદાર અત્રેની અદાલત સમક્ષ હાજર રાખી શકેલ નથી. વધુમાં આ કામે તપાસના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો મેળવેલા અને આરોપી સામે પુરતો પુરાવો મળી આવતા ચાર્જશીટ કરેલ હોવાનુ જણાવે છે. સદર હકિકત અનુસંધાને ત.ક.અમલદારની આરોપીપક્ષે કરવામા આવેલ ઉલતપાસની હકિકત ધ્યાને લેવામા આવે તો સ્વતંત્ર સાહેદોના નિવેદનો લિધેલહોવાનુ જણાવે છે પરંતુ આ કામે તેવા એકમાત્ર સાહેદ એવા ફારૂક ઈસ્માઈલભાઈ મિર્ઝા સિવાય અન્ય કોઈ સાહેદોને અત્રેની અદાલત સમક્ષ હાજર રાખી તપાસી શકેલ નથી. આમ, સાહેદોના પુરાવાના આધારે આ કામના આરોપીઓ

સામે પુરતો પુરાવો મળી આવેલ હોવાનુ જણાવેલ છે તે બાબતે જ્યાં સુધી સાહેદોના પુરાવાથી ફરિયાદપક્ષના કેસની હકિકતને સમર્થનકારી પુરાવો મળી આવે નહી ત્યાં સુધી તપાસ કરનાર અમલદારે સાહેદોના પુરાવાના આધારે આરોપીઓ સામે પુરતો પુરાવો મળી આવતા ચાર્જશીટ કરેલ હોવાનુ માનીશકાય નહી. વધુમા ફરિયાદપક્ષનો કેસ જોવામા આવે તો હાલનો બનાવ ફરિયાદીની સાથે બનેલ છે તેવા સંજોગોમાં આ કામે ફરિયાદપક્ષના કેસ મુજબ સૌથી મહત્વના સાહેદ એવા ફરિયાદી છે પરંતુ આ કામના ફરિયાદી જ્યંતિભાઈ શંકરભાઈ પટેલનાઓ ચાલુ કેસની ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન મરણ પામેલ હોવાના કારણે તેઓની તપાસી શકેલ ન હોવાના કારણે ફરિયાદપક્ષના કેસને મરણતોલ ફટકો પડેલ હોવાનુ અત્રેની અદાલતનુ માનવુ છે. વધુમાં જોવામા આવે તો ફરિયાદપક્ષના કેસ મુજબ ફરીયાદીને આરોપી અયુબભાઈએ ચેક આપેલ જે ચેક બંધ ખાતાનો આપેલ પરંતુ આ કામે તેવો કોઈ ચેક ફરિયાદપક્ષ અત્રેની અદાલત સમક્ષ રજુ રાખી શકેલ નથી. વધુમાં ફરિયાદપક્ષના સાહેદ એવા સાહેદ ફારૂક ઈસ્માઈલભાઈ મિર્ઝાના પુરાવાથી આરોપી અયુબભાઈએ પ્રોમસીર નોટ આપેલ હોવાનુ જણાવે છે પરંતુ તેવી કોઈ પ્રોમીસરી નોટ આ કામે રજુ થયેલ નથી. આમ, જ્યાં સુધી આરોપીએ આપેલ ચેક આ કામે રજુ ન

થાય ત્યાં સુધી હાલના આરોપીએ બંધ ખાતાનો ચેક આપેલ હતો કે કેમ? તે હકિકત સ્પષ્ટ થતી નથી. વધુમાં ફરિયાદપક્ષના કેસ મુજબ જે બનાવ બનેલ છે તે ફરિયાદીની સાથે બનેલ છે અને ફરિયાદીની સાથે છેતરપીંડી થયેલ હોય તેવા સંજોગોમાં ફરિયાદીનો પુરાવો અતિ મહત્વના બની રહે છે પરંતુ ફરિયાદીની જુબાની રેકર્ડ પર નોધતા પહેલા મરણ પામેલ હોવાના કારણે ફરિયાદપક્ષના કેસને મરણતોલ ફટકો પડેલ છે. વધુમાં ફરિયાદપક્ષના કેસ મુજબ આરોપીએ ફરિયાદીને બંધ ખાતાનો ચેક આપેલો પરંતુ તે ચેક આ કામે રજુ થયેલ નથી. વધુમાં ફરિયાદપક્ષ દ્ધારા એક માત્ર સાહેદ એવા સાહેદ ફારૂક ઈસ્માઈલભાઈ મિર્ઝા સિવાય અન્ય કોઈ સાહેદોને અત્રેની અદાલત સમક્ષ હાજર રાખી પુરાવો નોધી નહી શકવાના કારણે ફરિયાદપક્ષના કેસને ગંભીર નુકશાન પહોચેલ છે. ફરિયાદપક્ષે જે પુરાવાઓ રજુ થયેલા છે તે પુરાવાથી આ કામના આરોપીઓ સામે મુકવામાઆવેલ આક્ષેપીત ગુના અંગેની હકિકત સ્પષ્ટપણે પુરવાર થતી ન હોય તેવા સંજોગોમાં પુરાવાના અભાવે આ કામના આરોપીઓ સામે મુકવામા આવેલ આક્ષેપીત ગુના અંગેની હકિકતો પુરવાર થતી ન હોય જેથી ઉપરોક્ત કરેલ ચર્ચાનુસાર મુદ્દા નંબરઃ૦૧ નો જવાબ નકારમાં આપવામાં આવેલ છે. જ્યારે મુદ્દા નંબરઃ૦૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે

મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## - હુ ક મ -

૧. આ કામનાં આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ:૨૪૮(૧) અન્વયે ઈ.પી.કો.કલમ:૪૨૦ તથા તેની સાથે વાંચતા ૧૧૪ મુજબનાં ગુનાના કામે જરૂરી પુરાવા રજુ નહિ થવાના કારણે નિર્દોષ ઠરાવીને છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપીઓએ કરી આપેલ જાત મુચરકા અને જામીનદારોએ કરી આપેલ જામીનખત રદ્દ કરવામા આવતા નથી પરંતુ આ ચુકાદા સામે અપીલ થાય તો અપીલ કોર્ટમાં હાજર રહેશે તે રીતનાં છ માસ માટે ક્રિ.પ્રો.કોડની કલમ:૪૩૭(એ) અન્વયે જાત-મુચરકા અને જામીનખત ચાલુ રાખવામા આવે છે.

૩. મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ મુદ્દામાલ મશીન બાબતે જો કોઈ વચગાળાની કસ્ટડીનો હુકમ કરવામા આવેલ હોય તો તે હુકમ અપીલ સમય વિત્યા બાદ બિનશરતોને આધીન આથી કાયમ કરવામા આવે છે અન્યથા તેની માલિકી બાબતેના જરૂરી પુરાવા રજુ થયેથી તેના સાચા હક્કદાર ઈસમને અપીલ સમય વિત્યા બાદ પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે. જ્યારે અન્ય બિનકિમંતી મુદ્દામાલ ચેકબુક અપીલ સમય વિત્યા બાદ નાશ

કરવાનો હુકમ કરવામા આવે છે.

સદરહુ હુકમ આજ તારીખઃ૧૫મી, માહે જુલાઈ સને ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

મુકામઃઅમદાવાદ શહેર (હિતેષ જયંતિલાલ તન્ના)
૦૪થાએડી.ચીફ.જ્યુડિશીયલ મેજીસ્ટ્રેટ
કોર્ટ નંબરઃ૦૯,અમદાવાદ શહેર
જજ કોડ નંબર જીજે.૦૦૯૫૫

આર.કે.સોનારા.